આવતીકાલે મોદીનો ભવ્ય રોડ-શો યોજાશે

આવતીકાલે ૧૧ કલાકે એરપોર્ટથી કમલમ્ સુધીના રોડ શોમાં ચાર લાખ કાર્યકરો ઉમટી પડશે : બપોરે સાંસદો અને ધારાસભ્યોને મોદી ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન આપશે : સાંજે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પંચાયત મહાસભામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતના પદાધિકારીઓને સંબોધન કરશે

ગાંધીનગર, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે એટલે કે ૧૧મીએ બપોરે ૧૧ કલાકે ગુજરાતના પ્રવાસે આવશે. એરપોર્ટ ઉપર ભવ્યાતિભવ્ય સ્વાગત કરાશે અને ત્યાંથી જ કમલમ્ સુધીના માર્ગ પર રોડ શો યોજાશે. જેમાં ગુજરાતભરમાંથી ચાર લાખ કાર્યકરોને જોડાવવાનો ઈંજન અપાયું છે. કમલમ્ ખાતે રાજ્યના ધારાસભ્યો, સંસદસભ્યો અને પક્ષના પ્રદેશ હોદ્દેદારોને ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન પ્રધાનમંત્રી આપશે. જ્યારે સાંજે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજ્યભરના ગ્રામ પંચાયતથી જિલ્લા પંચાયત સ્તરના પદાધિકારીઓનું સંબોધન કરશે. આમ, સમગ્રતયા ચૂંટણીલક્ષી કાર્યક્રમોના આયોજનને પગલે વહેલી ચૂંટણીના સંકેતો મળી રહ્યા છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રોડશોના માધ્યમથી ચૂંટણીનું રણશિંગુ ફૂંકશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી હોવાથી ભાજપે અત્યારથી જ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. વડાપ્રધાન મોદી આગામી ૧૧ માર્ચના રોજ ૨ દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આજે ભાજપ કોર ગ્રુપની બેઠકમાં પીએમ મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમ અંગે અને રોડ શો સહિત સમગ્ર કાર્યક્રમની ચર્ચા થઈ હતી.

વડાપ્રધાન મોદી ૧૧ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચશે, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે.

એરપોર્ટથી કમલમ્ સુધીનો રોડ શો યોજાશે. સવારે ૧૦.૪૫થી ૧.૩૦ વાગ્યા સુધી પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે બેઠક થશે. ભાજપના તમામ ૫૦૦થી વધુ નેતાઓ સાથે વડાપ્રધાન મોદી બેઠક કરશે. બપોરે ૪:૦૦ વાગ્યા સુધી વડાપ્રધાન રાજભવન ખાતે રોકાણ કરશે.સાંજે ૪:૦૦થી ૫:૩૦ વાગ્યા સુધી વડાપ્રધાન જીએમડીસી ખાતે પંચાયત મહા સંમેલનમાં હાજરી આપશે. સાંજે ૬:૦૦થી ૮:૦૦ વાગ્યા સુધી પીએમ મોદી રાજભવન ખાતે બેઠકો યોજશે. વડાપ્રધાન રાજભવન ખાતે જ રાત્રિ રોકાણ કરશે. ૧૨ માર્ચના રોજ સવારે ૧૦:૦૦ કલાકે રક્ષા શક્તિ યુનિવર્સીટી જવા રવાના થશે.૧૧:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધી રક્ષા શક્તિ યુનિ.નો પદવીદાન કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાજભવન ખાતે સાંજે ૬:૩૦ કલાકે અમદાવાદમાં ખેલ મહાકુંભની શરૂઆત કરાવાશે. વડાપ્રધાન

જનમેદનીને સંબોધિત કરશે અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે. પોતાના ૨ દિવસીય ગુજરાત પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી માતા હીરાબાની મુલાકાત લઈ શકે છે.

બે દિવસ દરમિયાન વીઆઈપી તથા વીવીઆઈપી લોકોની સગવડ સચવાય અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે મોદીની માટે પોલીસ કમિશનર દ્વારા રસ્તાઓના ડાયવર્ઝનને લઈ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

અમદાવાદમાં તા. ૧૧ માર્ચ ૨૦૨૨ના રોજ જીએમડીસી ગ્રાઉન્ડ, મેમનગર ખાતે 'ગુજરાત પંચાયત મહાસંમેલન... મારૂં ગામ મારૂં ગુજરાત' કાર્યક્રમ યોજાશે. આ કારણે બપોરના ૧૨:૦૦ વાગ્યાથી કાર્યક્રમની સમાપ્તિ સુધી સંજીવની હોસ્પિટલથી વસ્ત્રાપુર તળાવથી અંધજન મંડળ ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા તથા સંજીવની હોસ્પિટલથી વસ્ત્રાપુર તળાવથી હોટલ હ્યાત થઈને કલ્યાણપુષ્ટી હવેલી સુધીનો માર્ગ વાહનોની અવર જવર માટે પ્રતિબંધીત રહેશે.

આ સમય દરમિયાન વૈકલ્પિક માર્ગ તરીકે સંજીવની હોસ્પિટલથી વસ્ત્રાપુર તળાવ થઈને શહીદચોક વસ્ત્રાપુર તળાવ થઈને માનસી ચાર રસ્તાથી ડાબી બાજુ વળીને કેશવબાગથી ડાબી બાજુ વળીને અંધજન મંડળ ચાર રસ્તાથી જમણી બાજુ વળીને પાંજરાપોળ ચાર રસ્તા થઈને ગુલબાઈ ટેકરાથી દાદાસાહેબ પગલા ચાર રસ્તાથી વિજય ચાર રસ્તાથી હેલ્મેટ ચાર રસ્તા સુધીના માર્ગનો અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે.

અમદાવાદમાં તા. ૧૨ માર્ચ ૨૦૨૨ના રોજ સરદાર પટેલ સ્ટેડીયમ, નવરંગપુરા ખાતે 'ખેલ મહાકુંભ-૨૦૨૨'નો કાર્યક્રમ યોજાવાનો છે. આ કારણે બપોરે ૨:૦૦ વાગ્યાથી કાર્યક્રમની સમાપ્તિ સુધી ૨ માર્ગ બંધ રહેવાના છે. તેમાં સરદાર પટેલ બાવલા સર્કલથી સ્ટેડીયમ છ રસ્તા તથા ઈક્રમટેક્સ ચાર રસ્તાથી સ્વસ્તીક ચાર રસ્તા તથા લખુડી સર્કલથી સ્ટેડીયમ છ રસ્તા તથા કોમર્સ સર્કલથી સ્ટેડીયમ છ રસ્તા સુધીનો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધીત રહેશે. તેના વૈકલ્પિક માર્ગ તરીકે ઉસ્માનપુરા ચાર રસ્તા થઈને ઈક્રમટેક્સ ઓવરબ્રિજ થઈને બુટ્ટાસિંગ ચાર રસ્તા થઈને મીઠાખળી સર્કલ થઈને ગીરીશ કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા થઈ સ્વસ્તીક ચાર રસ્તા સુધીના માર્ગનો ઉપયોગ કરી શકાશે. તે સિવાય લખુડી સર્કલથી દર્પણ સર્કલ થઈ વિજય ચાર રસ્તાથી દાદાસાહેબના પગલાથી કોમર્સ સર્કલ સુધીના માર્ગનો ઉપયોગ કરી શકાશે.

સે.૩ની પ્રાથમિક શાળા સંકુલમાં વાવેલા વૃક્ષોનું ફરી નિકંદન કઢાયું

પ્રકૃતિ પ્રેમીઓએ મહામહેનતે ઉછરેલા કુમળા વૃક્ષોને કાપી નંખાતા ઉગ્ર રોષ : જવાબદાર તત્વો સામે પગલાં ભરવા માંગ

રાજ્યનું રાજકીય પાટનગર હોવાને કારણે ગાંધીનગરની છાપ રંગ બદલતાં રાજકારણીઓના શહેરની પડેલી જણાય છે અને અને કેટલેક અંશે અસર શહેરમાં પણ જોવા મળે છે. શહેરમાં ચોતરફ વાતો

"હરિયાળા શહેર" અને પર્યાવરણના જતનની થાય છે પરંતુ બીજી તરફ શહેરમાં કેટલાંક તત્વોની માનસિકતા પ્રકૃતિ વિરોધી હોવાના કિસ્સા વારંવાર સર્જાતા રહે છે. પરંતુ આ વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવતા પ્રકૃતિ પ્રેમી નાગરિકોમાં રોષની લાગણી પ્રસરવા પામી છે. અગાઉ પણ થોડાક માસ પૂર્વે કેમ્પસમાં સ્વછતાના નામે જતનથી ઉછરી રહેલાં વૃક્ષોને કાપી નાંખવામાં આવ્યાં હતા અને હવે સેક્ટર-૩માં ફરી એકવાર આ પ્રકારની ઘટના બનવા પામતાં જવાબદાર તત્વો સામે પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એક પર્યાવરણપ્રેમી નાગરિકોનું શહેર છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરમાં વૃક્ષોનું નિકંદન કરવાની જાણે ફેશન ચાલી રહી છે. શહેરમાં ક્યારેક વિવિધ સરકારી તંત્ર દ્વારા વિકાસ કાર્યોના ઓથા તળે તો ક્યારેક કેટલાંક પ્રકૃતિ વિરોધી માનસ ધરાવતા તત્વો દ્વારા વર્ષો જૂના ઘટાદાર વૃક્ષો અથવા પ્રકૃતિપ્રેમીઓએ મહામહેનતે જતનપૂર્વક ઉછરેલા નવા રોપાઓનું નિકંદન થતાં અવાર નવાર સર્જાતા રહે છે. થોડા સમય પૂર્વે શહેરના ઘ માર્ગ પર પ્રકૃતિપ્રેમીઓ દ્વારા વાવવામાં આવેલા કેટલાંક વૃક્ષોને ટ્રી ગાર્ડથી ઉપર ઊંચાઈએ પહોંચ્યા બાદ કેટલાક તોફાની તત્વો દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. આવી જ એક ઘટના કોરોના કાળ દરમ્યાન સેક્ટર-૨ ઉમાં પણ બનવા પામી હતી. શહેરના સેક્ટર-૩માં સ્થાનિક પ્રકૃતિ પ્રેમી નાગરિકો દ્વારા "માય સેક્ટર, ગ્રીન સેક્ટર" નામથી એક ગ્રૂપ બનાવીને પર્યાવરણ વિષયક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં વૃક્ષારોપણ તેમજ વાવેલાં વૃક્ષોનું જતન કરવામાં આવે છે. છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન આ ગ્રૂપ દ્વારા સેક્ટર-૩ની સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં બાળકોને રમતગમત કે શાળાને કોઈ કાર્યક્રમના આયોજનમાં નડતરરૂપ ના થાય તે રીતે વિવિધ વૃક્ષોનું વાવેતર કરીને તેને જતનપૂર્વક ઉછેરવામાં આવે છે. શહેરમાં તાજેતરમાં શહેરના સેક્ટર-૩ ખાતે સરકારી પ્રાથમિક શાળામાં "માય સેક્ટર, ગ્રીન સેક્ટર" ગ્રુપના પ્રકૃતિ પ્રેમી નાગરીકો દ્વારા મહામહેનતે ઉછેરવામાં આવેલા વૃક્ષોને ફરી એકવાર કાપી નાંખવાની ઘટના સર્જાતા શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષ ફેલાવા પામ્યો છે. આ છોડવાંઓને ઉછેરવા માટે "માય સેક્ટર, ગ્રીન સેક્ટર" ગ્રુપ દ્વારા પરસ્પર સ્વેચ્છીક રીતે આર્થિક યોગદાન આપીને અંદાજે એક લાખ રૂપિયા જેટલો ખર્ચ કરી પાણી સિંચાઈની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અગાઉ પણ આ શાળામાં કેમ્પસમાં આ પ્રકારની ઘટના સર્જાઈ હતી જેમાં કેમ્પસ સફાઇના નામે માંડ વિકસેલા કુમળા વૃક્ષો પર નિર્દયતાથી જેસીબી મશીન ફેરવીને ૧૫ જેટલા વૃક્ષોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું હતું. આ ઘટના બાદ સર્જાયેલા હોબાળામાં જવાબદાર વ્યક્તિ દ્વારા માફી માંગીને મામલો ફરી આવું નહીં કરવાનું વચન આપતા મામલો થાળે પડયો હતો અને હવે ફરી એકવાર આવી ઘટના સર્જાતા સમગ્ર શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ઉગ્ર રોષ પ્રવર્તી રહ્યો છે અને જવાબદાર તત્વો સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવે તેવી માંગ પ્રબળ બનવા પામી છે.

જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે રક્ષાશક્તિ યુનિવર્સિટી ખાતે સેમીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૯

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કાર્યરત જીવન આસ્થા હેલ્પલાઈન દ્વારા રક્ષાશક્તિ ખાતે મહિલા સશક્તિકરણ તથા મહિલાઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ પર એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જીવનઆસ્થા હેલ્પલાઈનના લાયઝન અધિકારી પ્રવિણ વાલેરા તથા સીનીયર કાઉન્સીલર પ્રિયંકા અડાલજા દ્વારા મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓ તથા મહિલા કર્મચારીઓને શૈક્ષણિક સ્થળોએ તથા કામના સ્થળોએ કેવા પ્રકારની સજાગતા રાખવી તથા હાલના સોશીયલ મીડિયા તથા મોબાઈલના ઉપયોગ સમયે કેવી સાવચેતી રાખવી તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. ઉપરાંત આ સેમીનારમાં સેલ્ફ ડીફેન્સ માટેની ટીમ દ્વારા ડેમોસ્ટ્રેશન સાથે સ્વબચાવ માટેની ઉપયોગી ટીપ્સ પણ અપાઈ હતી.

જુના સચિવાલય સંકુલમાં ધૂળ ખાતી "ફૂડ સેફટી ઓન વ્હીલ્સ" મોબાઈલ સેવા

છેલ્લા બે વર્ષમાં કોરોના મહામારીએ વિશ્વભરમાં કોહરામ મચાવી દીધો છે. ગુજરાતમાં પણ વાયરસ સંક્રમણથી અસંખ્ય નાગરિકો કવેળાએ મોતને ભેટવા પામ્યા છે. જોકે કોરોના મહામારીએ સ્વાસ્થ્યપ્રદ ખોરાકના મહત્ત્વને સૌને સારી રીતે સમજાવી દીધું છે, જોકે ભેળસેળના યુગમાં બજારમાં મળતી ખાદ્ય ખોરાકની સામગ્રી શુદ્ધ છે કે નહીં તે જાણવું સામાન્ય નાગરિક માટે અતિ દુષ્કર હતું. આ કાર્યને આસાન બનાવવા માટે કોરોના મહામારી દરમિયાન ભારત સરકારના ફૂડ સેફટી એન્ડ સિક્યુરિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા - એફએસએસએઆઈ દ્વારા "ફૂડ સેફટી ઓન વ્હીલ્સ" નામથી ફુડ ટેસ્ટીંગ મોબાઈલ વાન સેવા શરૂ કરવામાં આવી હતી જે રાજ્યના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં નાગરિકોને ફૂડ સેમ્પલનું ટેસ્ટિંગ કરી સ્થળ ઉપર તેની શુદ્ધતા બાબતે નિદાન કરી આપવાની સેવા આપવાનું કાર્ય કરે છે. જોકે દર વખતે "આરંભે શુરા અને પછી પૂરા"ના હિસાબે કોરોના

મહામારીની અસર ઓછી થઈ જતાં હવે આ ફૂડ સેફટી ઓન વ્હીલ્સ મોબાઈલ વાન ગાંધીનગરના જુના સચિવાલય કેમ્પસ ખાતે ધૂળ ખાતી નજરે ચઢી રહી છે. આ મોબાઈલ સેવાનો હેતુ 'અવેરનેસ, ટેસ્ટિંગ અને ટ્રેનિંગ' એમ ત્રણ પાયા આધારિત નાગરીકોને બિનસ્વાસ્થ્યપ્રદ ખોરાકથી બચાવવાનો છે પરંતુ હાલ આ સેવા જ બિનસ્વાસ્થ્યપ્રદ સ્થિતિમાં હોવાનું જણાઇ રહ્યું છે.

ડવટેલ ગ્રૂપે ગિફ્ટ સિટીમાં ફંડ એડમિનિસ્ટ્રેશન સર્વિસિસ ઓફર કરવા લાઈસન્સ મેળવ્યું

ગાંધીનગર, તા. ૯

ડવટેલ ગ્રૂપે રોકાણકારો અને એન્ટરપ્રાઈઝિસને આનુષંગિક નાણાકીય સેવાઓની વિશાળ શ્રેણી પ્રદાન કરવા એડમિનિસ્ટ્રેટર લાઈસન્સ મેળવ્યું છે. તેનો ઉદ્દેશ્ય ગિફ્ટ સિટીમાં વ્યવસાયિક પ્રવૃત્તિઓને ઝડપી બનાવવાનો તથા ઓફશોર રોકાણકારો અને ઈન્સ્ટિટ્યુશન્સને એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરવાનો છે.

ડવટેલ ગ્રૂપ એડમિનિસ્ટ્રેટર તરીકે મૂડી બજાર, ઓફશોર એસેટ મેનેજમેન્ટ તથા ફંડ એકાઉન્ટિંગ, રજીસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્સી (આરએન્ડટી), કમ્પલાયન્સ આસિસ્ટન્સ અને સંલગ્ન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસિસ જેવી આનુષંગિક સેવાઓ સંબંધિત સેવાઓ આપશે. ગિફ્ટ સિટીના મેનેજિંગ ડાયરેક્ટર અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, અમે આનુષંગિક સર્વિસ પ્રોવાઈડર્સ કેટેગરી હેઠળ વિવિધ સેગમેન્ટ્સ તરફથી નોંધપાત્ર પ્રતિસાદ જોઈ રહ્યાં છીએ તથા તેમાંથી ઘણાંએ ગિફ્ટ સિટીમાં તેમની કામગીરી શરૂ કરી દીધી છે. ડવટેલ ગ્રૂપનો ઉમેરો ચોક્કસપણે ગિફ્ટ સિટી ખાતે ઓફર કરાતી ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈકોસિસ્ટમને મજબૂત કરશે. વ્યાપક પ્રાઈમરી માર્કેટ ફ્રેમવર્કના લોંચની જાહેરાત તથા વિદેશી અને સ્થાનિક રોકાણકારોને આકર્ષવા માટે સરકારે કરેલી જાહેરાત બાદ ગિફ્ટ સિટી આઈએફએસસી ખાતે બિઝનેસમાં વૃદ્ધિ થઈ રહી છે. રોકાણકારો અને એન્ટરપ્રાઈઝિસને એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન ધરાવતા માળખા, આયોજન, લાયઝન, કાનૂની દ્રષ્ટિકોણ, મેન્ટેનન્સ, લોંચ અને ક્લોઝિંગ, બેંકિંગ, ટેક્સેશન, કોર્પોરેટ એડમિનિસ્ટ્રેશન, અનુપાલન, પ્રાઈમરી ઈશ્યૂઅન્સ-લિસ્ટિંગ્સ સહિતની જરૂર પડે છે.

પુનિત આશ્રમના સ્થાપક પુનિતાચારિજી બ્રહ્મલિન

જૂનાગઢ, તા.૯

સૌરાષ્ટ્રના જાણીતા સંત દેવલોક પામતા તેમના અનુયાયીઓમાં ભારે શોકની લાગણી વ્યાપી છે. જૂનાગઢમાં ભવનાથ ખાતે આવેલા પુનિત આશ્રમના સ્થાપક પુનિતાચારીજી મહારાજ તારીખ ૮ માર્ચના રોજ દેહાવસાન પામ્યા હતા. ગિરનાર સાધના આશ્રમ જૂનાગઢના આદ્યસ્થાપક અને ગિરનાર ક્ષેત્રના સાત્વિક સંત તરીકે જાણીતા સંત પુનિતાચારીજી મહારાજ ખૂબ જ સરળ વ્યક્તિત્વ ધરાવતા હતા.

સંત પુનિત આચાર્ય તરીક જાણીતા સંત પુનિતાચારીજી ગુરૂદત્ત મહારાજના ઉપાસક હતા. વરદાની મહામંત્ર 'હરિ ૐ તત્સત જય ગુરુદત્ત'ના પ્રણેતા સંત પુનિત આચાર્યના પુનિત આશ્રમમાં દેશ વિદેશથી પણ અનેક લોકો યોગ અને ધ્યાન માટે આવતા હતા.

સંત પુનિત આચાર્યે ભારતીય સંસ્કૃતિમાં અત્યંત મહત્વની ધ્યાન પરંપરાને જીવંત રાખવામાં સહજ ધ્યાન યોગ શિબિરો દ્વારા મહત્વનું યોગદાન આપ્યું હતું.

મતગણતરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. જોકે એસડીએમના ખુલાસા બાદ અને ચૂંટણી પંચના સસ્પેન્શન ઓર્ડર બાદ મામલો થાળે પડ્યો હતો. આમ છતાં ભારે તંગદીલી વચ્ચે આવતીકાલની મતગણતરી કેવી રહેશે તેની ઉત્તેજના સમગ્ર ઉત્તરપ્રદેશમાં છે. ઉત્તરાખંડ અને ગોવામાં લગોલગ પરિણામોના અનુમાનના પગલે બંને પક્ષો નાના-નાના પક્ષોને એકત્ર કરી રહ્યા છે અને સરકાર બનાવવાની કવાયત કોંગ્રેસ અને ભાજપ બંનેએ તેજ કરી છે.

ઘાતક પરિણામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્યારેય નહીં જીતે. યુક્રેન પર આક્રમણ કર્યા બાદ રશિયાને એક બાદ એક ઝટકો લાગી રહ્યો છે. ત્યારે અમેરિકાએ રશિયા પાસેથી તેલ અને ગેસની આયાત પર પ્રતિબંધની સાથે જ રશિયા પાસેથી ઊર્જાની આયાત પર પ્રતિબંધની જાહેરાત કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું છે કે વ્લાદિમીર પુતિનના દર્દને વધુ વધારવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

૫ નવા કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક તાકીદ કરી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ બન્ને કેસ મહિલા દર્દીના છે. એક મહિલા દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે સે. ૨૨ અને સે. ૨૪ માંથી કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ બે કેસ સાથે શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૭ થઈ છે. શહેરમાં માઈલ્ડ સિમ્ટમ્સ ધરાવતા મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી તથા કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણની સૂચનાઓ આપવામાં આવી છે.

જીમખાના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે મોટેરા સ્ટેડિયમ જેટલુ મોટુ સ્ટેડિયમ નથી. પરંતુ નાના મોડેર સ્વરૂપે પણ સઘળી આધુનિક સુવિધાથી સજ્જ જોવા મળશે. સ્ટેડિયમ આઈકોનિક બને તે દિશામાં પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જીમખાના ક્રીકેટ મેદાનની પીચ પણ પધ્ધતિસર તૈયાર કરવામાં આવી છે. જેમાં બ્લેક સોઈલ અને રેડ સોઈલ મટીરીયલ્સનો ઉપયોગ કરાયો છે. જયારે આ માટે પુના અને સુરત વિસ્તારમાંથી માટી લાવવામાં આવી હતી. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્ટેડિયમના નવિનીકરણનુ કામ છેલ્લા ઘણાં સમયથી હાથ ધરવામાં આવ્યુ છે. જો કે પ્રથમ તબક્કાની કામગીરી બાદ બીજા તબક્કાનુ કામ હાથ ધરવામાં પણ વિલંબ થયો છે ત્યારે છેલ્લા પાંચ વર્ષથી સ્ટેડિયમ બંધ હાલતમાં છે. જેના લીધે સચિવાલય કક્ષાએ યોજાતી વિભાગીય ટુર્નામેન્ટ સહીતના આયોજન માટે મોંધા સ્ટેડિયમનો આશરો લેવો પડે છે. જો કે હવે ટુંક સમયમાં સ્ટેડિયમને અનુલક્ષી બીજા તબક્કાનુ કામ શરૂ કરવા માટે આયોજન કરી દેવાશે. પરંતુ સ્ટેડિયમનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગશે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

● **જિલ્લામાં શ્રમિકોને વતન મોકલવા ચૂકવાયેલ રકમ**

માણસાના કોંગી સભ્ય સુરેશભાઈ પટેલે લોકડાઉન સમયે શ્રમિકોને તેમના વતનમાં મોકલવા ચૂકવેલ રકમ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીએ જણાવ્યું છે કે પશ્ચિમ રેલવેને મુખ્યમંત્રી રાહતનિધિ ફંડમાંથી રૂ. ૬,૮૬,૮૭,૩૯૦ ચૂકવેલ છે. એસ.ટી. નિગમને પી.એમ. કેર ફંડ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટમાંથી ૪૨,૬૬,૩૨૦ની ફાળવણી થયેલ છે.

તેમણે જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાંથી શ્રમિકોને ૧૭ ટ્રેન મારફત કુલ ૨૨,૯૮૦ શ્રમિકોને તથા વતનમાં કે અન્ય રાજ્યમાં મોકલવામાં આવ્યા છે.

● **કુટિર ઉદ્યોગ શરૂ કરવા અરજીઓ**

ગાંધીનગર(ઉ)ના કોંગી સભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૨૧-૨૧ની સ્થિતિએ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા અંગે મળેલ અરજીઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં કુટિર ઉદ્યોગમંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૬૯૫ અરજીઓ કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે મળી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન મળેલ અરજીઓમાંથી ૪૧૧ અરજીઓ મંજૂર કરી બેંકોને લોન મંજૂર કરવા ભલામણ કરવામાં આવી છે. જ્યારે ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૫૦૫ અરજીઓની ભલામણ કરાઈ હતી.

આ પૈકી બેંકો દ્વારા ૯૯૭ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને બે વર્ષ દરમ્યાન અરજદારોને રૂ. ૮૬૮.૫૮ લાખની સહાય ચુકવવામાં આવી છે.

● **ઔદ્યોગિક એકમોમાં કામદારોના મૃત્યુ**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં ઔદ્યોગિક એકમોમાં કામદારોના મૃત્યુ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ રોજગારમંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૨૧-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાં ઔદ્યોગિક એકમોમાં ૧૪ કામદારોના અકસ્માતે મોત થયા છે.

ઔદ્યોગિક એકમો સામે કારખાના ધારા ૧૯૪૮ અને તે હેઠળના ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ની જોગવાઈઓના ભંગ બદલ કુલ ૧૦ ફરિયાદો કોર્ટમાં દાખલ કરવામાં આવી છે.

મંત્રીએ જણાવ્યુ છે કે ૧૦ ફરિયાદો પૈકી ૬ ફરિયાદોનો નિકાલ થયો છે જેમાં રૂ. ૪.૧૫ હજારનો દંડ થયેલ છે. હાલ ૪ ફરિયાદો કોર્ટમાં પડતર છે.

સ-રસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સુકેશીને સ્પર્શની સૌથી વધારે ગમતી બાબત એ હતી કે સ્પર્શે ક્યારેય એને સ્પર્શ કરવાનો પ્રયત્ન નહોતો કર્યો. હા, સુકેશીની નખશીખ સુંદરતા અને ખાસ કરીને એના કેશનાં વખાણ એ કરતો રહેતો પણ એમાં પણ એ મર્યાદા જાળવીને બોલતો.

એ દિવસે સુકેશી કોલેજ પણ નહોતી આવી કે એનો કોઈ મેસેજ પણ નહોતો. સ્પર્શ એને એના ઘરના ઝાંપા સુધી ઘણી વખત મૂકવા જતો એટલે આજે પણ એ ત્યાં પહોંચી ગયો. થોડી વાર સુધી એણે એના બંગલા સામે જોયા કર્યું પણ સુકેશીનો કોઈ અણસાર ન આવ્યો. એટલામાં ચોકીદારે આવીને એને શેઠ અંદર બોલાવે છે એમ જણાવ્યું.

સ્પર્શે બંગલામાં પ્રવેશ કર્યો. બંગલાના ગાર્ડનમાં જ શેઠ નવીનચંદ્ર બેઠા હતા. સ્પર્શે આદરપૂર્વક બે હાથ જોડ્યા. નવીનચંદ્રે એને બેસવાનું કહી સીધી જ શરૂઆત કરી, ''જુઓ ભાઈ, હું માનું છુ ત્યાં સુધી તમે સ્પર્શ શાહ છો. સુકેશીએ મને તમારી એટલી બધી વાતો કરી છે કે હવે હું તમને તમારા પડછાયાથી પણ ઓળખી જઉં! પણ જે વાત સુકેશી તમને કહી નથી શકતી તે હું તમને જણાવું. સુકેશીને એક વર્ષ પહેલાં કેન્સર થયું હતું. ઈશ્વરની કૃપાથી એ મટી તો ગયું પણ કીમોથેરપીને લીધે એના બધા વાળ જતા રહ્યા. તમે એના જે સુંદર વાળ જોવો છો તે અસલમાં એક ખૂબ મોંઘી, વિદેશથી મંગાવેલી વિગ છે. આજે એને ફોલો-અપ માટે ડોક્ટર પાસે જવાનું હોવાથી એ એનાં મમ્મી એટલે કે મારાં પત્ની સ્મિતા સાથે હોસ્પિટલ ગઈ છે. એનો મોબાઈલ ફોન બગડ્યો છે એવું એ કહેતી હતી.''

સ્પર્શના ચહેરા ઉપર એ જ સંસ્કારિતા પથરાયેલી હતી, ''અંકલ, સુકેશી સાથેની મારી પહેલી જ મુલાકાતમાં મેં એને કહેલું કે બિનજરૂરી ચીજોની નોંધ હું રાખતો નથી. બીજું, કે મેં સુકેશીને ક્યારેય વાત નથી કરી પણ હું આપણા શહેરના ઉદ્યોગપતિ શેઠ સેવંતીલાલનો પુત્ર છું. મારા પપ્પાને ગ્લાસનો બિઝનેસ છે. એટલે જે સાચું છે એનું જ પ્રતિબિંબ જોવું એ હું નાનપણથી શીખ્યો છું. પણ મને બાપકમાઈ પર જીવવું પસંદ નથી એટલે કોલેજ પછી પાર્ટ-ટાઈમ જોબ કરીને મારી કમાઈમાંથી મારો ખર્ચ ઊઠાવું છું.''

નવીનચંદ્રના અવાજમાં આનંદ છલકાઈ ગયો, ''એનો મતલબ કે મારો જમાઈ મિકેનિકલ એંજિનિયર છે, પણ પોતે મિકેનિકલ નથી!'' અને એમના આનંદનો પડઘો બારણામાં પ્રવેશી રહેલાં સ્મિતાબેન અને સુકેશીના ચહેરાઓ ઉપર પણ પડઘાઈ રહ્યો!

mtabuch150@gmail.com

નખરાળી જિંદગી

● અનુસંધાન ચોથાનું ચાલુ...

બરાબર હતો કે નહીં એ ચોક્કસ વિચાર માંગી લેતી વાત છે.

કેટલીક તકલીફ એવી હોય છે કે જ્યાં સુધી એને ભોગવી ના લો